RAJKOT CHAMBER OF
COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત... રાજકોટ ખાતે "GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ" ની ટુંક સમયમાં રચના કરવામાં આવશે....

રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ ખુબ જ મોટી સંખ્યામાં વેપાર-ઉધોગકારો કાર્યરત છે. ત્યારે GST અંતર્ગત તેઓને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ લાવવા માટે રાજકોટ ચેમ્બર દ્વારા અવિરત પ્રયાસો કરેલ છે. GST ના અમલીકરણ પછી અપીલના કેસો વધવા પામશે તે બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૯ થી સરકારશ્રી સમક્ષ રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના કરવા રજુઆત કરાયેલ હતી. તેમજ સરકારશ્રીના પ્રયાસો થકી ભારત સરકાર દ્વારા નોટીફીકેશનનં. SO-3009 તા.૨૧-૦૮-૨૦૧૯ થી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ જાહેર કરવામાં આવેલ હતી. પરંતુ કોઈ કારણોસર GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના થઈ નથી અથવા કાર્યરત નથી. રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોને અપીલને લગતા કેસો માટે ગાંધીનગર કે અમદાવાદ સુધીના લાંબા ધકકા ખાવા પડે છે તેમજ આર્થિક નુકશાન પણ ભોગવવું પડી રહ્યું છે. આમ તેઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની તાત્કાલીક રચના કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ હતી.

જે રજુઆતના ફળસ્વરૂપે આગામી ટુંક સમયમાં રાજકોટ ખાતે "GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ" ની રચના કરવામાં આવશે. જેનાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોને અપીલને લગતા કેસો માટે હવે ગાંધીનગર કે અમદાવાદ સુધી ધકકા ખાવા નહી પડે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.